© AJH 2022 | Vol. 04, Issue 04, October – December 2022
ANSH – Journal of History
ISSN (Online) No. 2582 -046X
Peer-Reviewed, Refereed & Open-Access International Journal of History

# ઐતિહાસિક નગરી વડનગરની શિલ્પ સમૃદ્ધિ

**ચાવડા વૈશાલીબેન રાજેશકુમાર**

પીએચ.ડી સ્કોલર, ગૂજરાત વિધાપીઠ,અમદાવાદ

***ABSTRACT:***

*ગુજરાતમાં આવેલું વડનગરનું સ્થાન એ તેના સ્થાપત્ય અને શિલ્પ સમૃદ્ધિને લીધે ગુજરાતની ઐતીહાસીકતામાં વધારો કરાવે છે. વડનગર એ પ્રાચીનકાળથી લઈને વર્તમાન સુધી તેની ભવ્યતા અને સૌદર્યતાના લીધે જગવિખ્યાત થયેલું જોવા મળે છે. તેની શિલ્પ સમૃદ્ધિ વિશે જોઈએ તો છેક મૈત્રક અને અનુમૈત્રક કાળ, ક્ષેત્રપ અને ગુપ્તકાળ તથા મધ્યકાળ અને મધ્યાંતર કાળના શિલ્પો આપણને વડનગરમાં જોવા મળે છે. આ શિલ્પ સમૃદ્ધિને લીધે તેની એક ઐતિહાસિક નગરી તરીકે ગણના થાય છે. આ શિલ્પોની વિસ્તૃત માહિતી આ સંશોધન લેખ દ્વારા રજુ કરવાનો પ્રયાસ કરેલો છે.*

***KEYWORD:***

*વડનગર, ઐતિહાસિક નગરી, શિલ્પ અને સમૃદ્ધિ*

**પ્રસ્તાવના**

ગુજરાતના ઇતિહાસમાં વડનગરનું સ્થાન અનેક રીતે વિશિષ્ટ છે. વડનગર એ જૂનાગઢ, વલભીપુર, શ્રીમાલ, પાટણ કે અમદાવાદની જેમ રાજધાનીનું શહેર ન હતું. ખંભાત, ભરૂચ કે સુરતની જેમ મોટું બંદર કે પરદેશો સાથેના બહોળા વેપારનું મથક ન હતું. દ્વારકા, પ્રભાસપાટણ કે પાલીતાણાની જેમ કોઈ સુપ્રસિદ્ધ તીર્થધામ ન હતું. વિદ્યાવ્યાસંગી બ્રાહ્મણોના એક પ્રમુખ સ્થાન તરીકે ઇતિહાસમાં આ નગર એક સંસ્કારધામ તરીકે જ રહેલું છે. પુરાણકાળથી શરૂ કરી સં.૧૩૬૦માં અલાઉદ્દીન ખલજીને હાથે કરણ વાઘેલાનો પરાજય થતા ગુજરાતમાં હિંદુ રાજ્યનો અંત આવ્યો ત્યાં સુધી સેંકડો વર્ષ દરમિયાન કયારે પણ એવો સમય નહોતો જ્યારે વડનગર ગુજરાતના એક મહત્વના કેન્દ્ર તરીકેનું સ્થાન ભોગવતું ન હોય. વડનગર એ ઐતિહાસિક નગરી તરીકેની નામના ધરાવે છે. તેની શિલ્પ સ્થાપત્યની સમૃદ્ધિ ખૂબ જ વધારે છે. વડનગરમાં આવેલા શિલ્પ સમૃદ્ધિ વિશેની માહિતી નીચે મુજબ છે.

## 1. વડનગરમાં આવેલ શિલ્પસમૃદ્ધિ

વડનગરમાંથી મુખ્યત્વે ચાર પ્રકારના શિલ્પો મળી આવે છે. જેમાં મૈત્રક અને અનુમૈત્રક કાળ પર વધારે ભાર મુકવામાં આવ્યો છે. આ ચાર સમયગાળા નીચે મુજબ છે.

(૧) ક્ષત્રપ અને ગુપ્તકાળ સુધીના શિલ્પો (ઈ.સ.ની ૨ જી થી ૧૦મી સદી)

(૨) મૈત્રક અને અનુમૈત્રકકાળના શિલ્પો (ઈ.સ.ની ૬ થી ૧૦મી સદી સુધી)

(૩) ચાલુક્યો કે મધ્યકાળના શિલ્પો (ઈ.સ.ની ૧૦મી થી ૧૩મી સદી સુધીના)

(૪) મધ્યાંતરકાળના શિલ્પો(ઈ.સ.ની ૧૪મી થી પછીના શિલ્પો)

## 2. ક્ષત્રપ અને ગુપ્તકાળ સુધીના શિલ્પો

### 2.1. વડનગરમાંથી મળી આવેલ ચોથી સદીની બુદ્ધની પ્રતિમા

વડનગરમાં ગાસકોળ દરવાજા બહાર પટેલ સોમાભાઈના ટીંબાવાળા ખેતરમાંથી ખેડાણ દરમિયાન મળી આવેલી એક બુદ્ધપ્રતિમા રતાશ પડતા પથ્થરમાંથી કંડારેલી છે. આ મૂર્તિમાં સિંહાસન પર બેઠેલા ભગવાન બુદ્ધના બંને પગ પદ્માસનમાં છે. જમણો હાથ અભય મુદ્રામાં અને ડાબા હાથ પગના ધુંટણ પર ટેકવેલો છે. તેમના શરીર પર કોઈ આભૂષણ નથી. પગના તળિયે ત્રિરત્ન અને ધર્મચક્ર વગેરે મહાપુરુષના લક્ષણો અંકિત છે. જમણો ખભો ખુલ્લો છે તેમજ ધોતી ધારણ કરેલ છે. પ્રતિમા પર બે ભ્રમરની વચ્ચે ઊરણા તેમજ મસ્તક પાછળ પ્રભામંડળ નિહાળી શકાય છે. શરીરના ઉપરનો ભાગ ચિબુકી, ખભાથી કોણીના પૃષ્ઠભાગે પીપળાના વૃક્ષનું બોધિવૃક્ષનું અંકન છે. તેમજ ચામરધારી સેવક છે.

આ ઉપરાંત તેની પીઠિકા પર બ્રાહ્મી લિપીમાં લેખ છે. આ લેખમાં ઉલ્લેખ છે કે ‘વડનગર આસપાસ તે સમયે જાજરવણ નામના ગામમાં ત્યાંના ભિક્ષુક મહાસંઘે બૌદ્ધચૈત્ય બનાવીને તેમાં આ પ્રતિમાની પધરામણી કરાવી હતી.’

### 2.2. માતા અને શિશુનું શિલ્પ

વડનગરના ઉત્ખન્નમાંથી પ્રાપ્ત થયેલ માતા અને શિશુનું શિલ્પ પારેવ પથ્થરનું વડનગરનું સૌથી પ્રાચીન શિલ્પ ગણી શકાય. ક્ષત્રપકાળના અંત ભાગના આ પ્રતિમા હાલ મ.સ.વિશ્વ વિદ્યાલય

વડોદરાના પ્રાચીન ઇતિહાસ અને પુરાવસ્તુ વિદ્યા વિભાગના સંગ્રહાલયમાં સુરક્ષિત છે. માતાના મસ્તકે નાગ છત છે. કેશગુંફન, ઉત્કીર્ણ, રૂખાયુક્ત ભ્રમરો, પાંપણો અને કોડી યુક્ત ઉઘાડા નેત્રો નોંધપાત્ર છે. ગળામાં પહેરેલા હારનો છેડો નાભિ સુધી આકર્ષક રીતે લટકે છે. માતાના જમણા હાથમાં ફૂલ અને ડાબા હાથે શિશુનો હાથ પકડેલો છે. પારદર્શક સાડી પાટલીથી ઉત્કીર્ણ રેખાઓથી દર્શાવી છે. આ મનોહર અને ધ્યાનાકર્ષક શિલ્પ ઈસુના ચોથા સૈકાના અંત ભાગનું છે.

## 3. મૈત્રક અને અનુમૈત્રકકાલીન શિલ્પો

### 3.1. શિવ

વડનગરના કાલિકામાતાના આધુનિક મંદિરની ભીંતમાં જડેલી સ્મિત દર્શાવતી અપ્રસિદ્ધ શિવની ચતુર્ભુજ પ્રતિમા શામળાજીના તત્કાલીન સમયના શિલ્પો સાથે નિકટનું સામ્ય ધરાવે છે. આ પ્રતિમાને એક હાથ છે અને બીજો હાથ કોણીથી ખંડિત છે. આ બીજો હાથ કમર પર મુકેલો હોવાનું તેના વચ્ચેના પંજાના ભાગ અને તેમાં પકડેલા ડમરૂ પરથી લાગે છે. જમણા હાથમાં એક ત્રિશૂળ છે જ્યારે બીજો હાથ અભયમુદ્રામાં હોવાથી આગળના ભાગમાં તૂટી ગયેલો છે. મસ્તક પર ત્રિકુટ મુકુટ અને મધ્યમાં અસ્પષ્ટ અલંકરણ છે જેને મોઢેરા સદ્યાપિ એવા મહાગુર્જર શૈલીના સૂર્ય મસ્તકે શોભતા મુકુટ સાથે સરખાવી શકાય છે.

એકાવલીયુક્ત બાજુબંધી શામળાજીના અન્ય શિલ્પોમાં પણ જોવા મળે તેવા છે. કમરબંધ ધોતીના પાટલીનો ગોમૂત્રિકા પાટનો છેડો તથા ધોતીના મધ્યે વચ્ચેનો ગોળ છેડો નોંધપાત્ર હોવાથી તે શામળાજીના તત્કાલીન સમયના શિલ્પોમાં વસ્ત્રના છેડા સાથે સરખાવી શકાય. આ પ્રતિમાને તેની સપ્રમાણ દેહપિષ્ટ અલંકરણો અને શૈલીના આધારે ઈસુના છઠ્ઠા સૈકાના અંત ભાગમાં મૂકી શકાય.

### 3.2. સપ્તમાતૃકાઓ

ખોદકામમાંથી મળી આવેલ આ સપ્ત માતુકાઓના શિલ્પો આમથોર માતાના પટાંગણની દિવાલ પાસે દક્ષિણ દિશાએ ગોઠવાયેલ છે. જેમાં વારાહી, મહેશ્વરી, બ્રહ્માણી, વૈષ્ણવી, ચામુંડા અને અને ઈન્દ્રાણીનો સમાવેશ થાય છે.

### 3.2.1. વારાહી

તેનું મુખ ખંડિત છે. ચતુર્ભુજ આ દેવીના જમણી બાજુના ઉપરના હાથમાં ગદા અને જમણા નીચેના ડાબા હાથમાં બાળક છે. બાળકનો ડાબો હાથ માતાના સ્તન પર છે જ્યારે જમણો હાથ માતાના ખભા પર છે. તેની નીચેનો ભાગ ખંડિત છે. ગળામાં માળા છે.

### 3.2.2. મહેશ્વરી

આ બેઠેલી પ્રતિમા છે. તેના જમણો ઉપરના હાથમાં ત્રિશૂળ અને જમણા નીચેનો હાથ વરદ મુદ્રામાં છે. ડાબો ઉપરનો હાથ ખંડિત છે જ્યારે ડાબી બાજુના નીચેના હાથમાં બાળક છે. ગળામાં બે સેરની કંઠમાળ છે. ડાબા વાળેલા પગની નીચે વાહન વૃષભ છે. વૃષભના મસ્તક પર મણિબંધ સ્પષ્ટ દેખાય છે. તેના મોં આગળ ખાવા માટે વાસણ મૂકેલ છે.

### 3.2.3. બ્રહ્માણી

આ પ્રતિમા બેઠેલી છે. તેમાં ત્રણ મુખ છે. ચોથુ અવ્યક્ત મુખ પાછળ છે. જમણો ઉપરનો હાથ ખંડિત છે. જમણા નીચેના હાથનું આયુધ ઓળખાતું નથી. ડાબા ઉપરના હાથમાં કંઈ પાત્ર જેવું અને ડાબા નીચેના હાથમાં બાળક છે.

### 3.2.4. વૈષ્ણવી

આ પ્રતિમાને માથા પર મુકુટ છે. કાનમાં કર્ણફૂલ છે. જમણા ઉપરનો હાથ વરદ મુદ્રામાં અને ડાબા ઉપરના હાથમાં ચક્ર અને ડાબા નીચેના હાથમાં બાળક પકડેલું છે.

### 3.2.5. ચામુંડા

આ બંને માતૃકાઓ આ મંદિરની પાંચ માતૃકાઓની હરોળમાં હાલમાં નથી. તેથી તે વડનગરમાં કે કોઈ અન્ય સ્થળે હોઈ શકે. જેમાં કૌમારીનું શિલ્પ અજેયપાળમાં હિંગળાજ માતાની બાજુમાં હોય એમ જણાય છે. આ શિલ્પ પ્રતિમા દ્વિભુજામાં છે. ડાબો હાથ ખંડિત છે અને જમણા હાથમાં ભાલા જેવું જણાય છે. આ શિલ્પનો પાછળનો ભાગ આમથેર માતાના સપ્ત માતૃકાઓને મળતો આવે છે. જેનું માપ પણ માતૃકાઓ સમાન છે. તેથી કદાચ આ શિલ્પ પ્રતિમાઓ સપ્ત માતૃકાઓનું જ કૌમારી શિલ્પ હોવાથી પૂરી શક્યતા છે.

## 4. લવેશ્વર-કુશેશ્વર મહાદેવના શિલ્પો

### 4.1. વિષ્ણુ

સફેદ આરસની અતિસુંદર પ્રતિમા વડનગરના લવેશ્વર-કુશેશ્વર શિવાલયના પદ્યાંગણની ભીંતમાં જડેલી છે. કેટલીક જગ્યાએ ચૂનાની સફેદીના કારણે પ્રતિમાઓની પ્રાચીનતાને નુકશાન પહોંચ્યું છે. સમભંગમાં સ્થિત અલંકૃત કીરીટમુકટ ધારણ કરેલો છે. ચહેરાનો ભાગ અને મોઢાનો ભાગ ઘસાયેલા હોવા છતાં અર્ધનિમિલિત નેત્રો અને અન્ય માદવપૂર્ણ સ્મિત રેલાવતો લંબગોળ ચહેરો દેખાય છે. અષ્ટભૂજ દેવના બધા જ હાથ ખંડિત છે. આ દેવના પગ પાસે ચાર આકૃતિઓ છે. જેના ડાબી તરફની એક આકૃતિ નષ્ટ થયેલી છે. જમણા પગ પાસે વામન-કદની પુરુષ આકૃતિ ચક્ર પુરુષની છે. ડાબી બાજુએ ઊભેલા આયુધ પુરુષના હાથમાં શંખ હોય એમ જણાય છે. આ પ્રતિમા ઈસુના આઠમા-નવમા સૈકાની છે.

### 4.2. ત્રિવિક્રમ વિષ્ણુ

અષ્ટભુજા ધરાવતા ત્રિવિક્રમ વિષ્ણુની પ્રતિમા વામનમાંથી વિરાટ બનતી બીજા પગલામાં તો ત્રણે લોક માપી લેતા ત્રિવિક્રમ વિષ્ણુ બલિરાજાને જાતે પાછળ જવાનો આદેશ આપતા હોય તેવા મુદ્રામાં ઊભા છે. તેમના જમણા હાથમાં બાણ, ખડગ અને જ્ઞાનમુદ્રા તથા ડાબા હાથમાં ખેટક, શંખ, ધનુષ્ય તથા એક હાથ ઊંચો કરેલ પગના ઘૂંટણ પર મુકેલ છે. તેનું સ્વરૂપ ઉગ્ર છે.

### 4.3. ઉમામહેશ્વર

ઉમા-મહેશ નંદી પર અર્ધપદ્માસને બિરાજમાન છે. તેમના ડાબે હાથે આલિંગન આપતા પાર્વતી બેઠા છે. બંને પ્રતિમાઓના ચહેરા અને અંગો ઘસાઈ ગયા છે. શિવનો કલાત્મક ભારે કેશકલાપવાળો જટામુકુટ વિચિત્ર પ્રકારનો છે.

આ સમયને વિદ્વાનો પાક્ સોલંકીકાળ તરીકે ઓળખાવે છે. વડનગરમાંથી મળેલ આ કાળના શિલ્પોના લક્ષણો નીચે પ્રમાણે છે.

"કારીગરીવાળા સુડોળ, લંબગોળ કે ગોળ મુખાકૃતિ તેમજ ઘાટીલું શરીર ધરાવતા, મોટા કેશભાર અને ઓછા પણ સુરેખ આભૂષણોથી યુક્ત આ શિલ્પો મનોહર લાગે છે. આ શિલ્પોનું સૌંદર્ય એના કુશળ વિદ્યાના સપ્રમાણ, તંદુરસ્ત તન અને સૌંદર્યવાન શરીર તથા સુરેખ નકશીકામમાં છે."

## 5. બે જૈનયક્ષી પ્રતિમાઓ

પીઠોરી માતાના મંદિરના સ્થાનકમાં વંડાની દિવાલમાં આ બે દેવીની પ્રતિમાઓ છે. આ બંને શિલ્પોની કોતરણી અને શૈલી એકસરખા પ્રમાણની છે. ઊભેલી અવસ્થામાં આ શિલ્પો ચતુર્ભુજ છે. બંનેના મસ્તક પર મુકુટ છે. ઉપરની બંને મૂર્તિએ હાર, કુંડળ, બાજુબંધ, કટિમેખલા, નૂપુર વગેરે આભૂષણો ધારણ કર્યા છે. આ બંને શિલ્પો સાદા પથ્થરમાંથી બનાવેલ છે.

### 5.1. યક્ષી અંબિકા

આ પ્રતિમાની ઉંચાઈ ૯૨ સેમી અને પહોળાઈ ૪૦ સે.મી. છે. આ દેવીનું મસ્તક આમ્રઘટા જેવું છે. શીર્ષની બંને બાજુ રૌઢિક રીતે યોજાયેલા પલ્લવી ચક્રમાંથી ત્રણ ચાર આમ્રફળો જેવું દેખાય છે. ઉપલા બે હાથમાં ચક્રાકારે પ્રસારેલ આમ્રપલ્લવી છે. નીચેના ડાબા હાથે તેડેલું બાળક છે. નીચેના જમણા હાથની આંગળી પકડીને એક બાળક ઊભું છે.

### 5.2. યક્ષી ચકેશ્વરી

આ દેવી પણ આમ્રધરાની નીચે સ્થિર ઊભેલા છે. ઉપરના બંને હાથમાં એક એક ચક્ર ધારણ કરેલું છે. ચક્રને મથાળે આમ્રઘટાનું પલ્લવી ચક્ર કોતરેલું હોવાથી બેવડા કમળ જેવો ભાસ દેખાય છે. નીચેના બે હાથમાં અનુક્રમે શંખ અને વરદક્ષ છે. આ દેવની જમણા પગની બાજુએ પગવાળી અંજલી અને હસ્તે બેઠેલા પુરુષ છે. તેનું વાહન નરરૂપે ગરૂડ હોય એમ જણાય છે.

## 6. શર્મિષ્ઠા તળાવની પાળ પરના શિલ્પો

શર્મિષ્ઠા તળાવની પાળી પર ઝરૂખામાં લલિતાસને ગોળ બેઠક પર બેઠેલા યુગલના શિલ્પો છે. પુરુષે મુકુટ, કુંડળ, એકાંવલી, બાજુબંધ અને કટિવસ્ત્ર પહેર્યા છે જ્યારે સ્ત્રીએ કુંડળ, છાતી પરથી પેટ સુધી લટકતો હાર, બાજુબંધ, કટિમેખલા અને પગમાં સાંકળા પહેરેલા છે. તેના વાળ ઊંચા લઈ

રત્નજડિત પાંચથી બાંધેલા છે. સ્ત્રી અને પુરુષ બંનેની મુખાકૃતિ ખંડિત થયેલી છે. શિલ્પના ઝરૂખાના સ્તંભો, કુંભી અને શીર્ષ ગોળ છે. તેની પાસે મલ્લવ દેખાય છે.

આ ઉપરાંત નગરના દરવાજાઓની દિવાલોમાં પણ મૈત્રકકાળના શિલ્પોની પટ્ટિકાઓ જડવામાં આવી છે. ત્રિમૂર્તિ તથા અન્ય દેવ-દેવીઓની સુરેખ કલામય પટ્ટિકાઓ તથા સમરથોળ દરવાજા પર ગણેશ વગેરે દેવોના લઘુ શિલ્પો જડવામાં આવ્યા છે. અર્જુનબારી દરવાજા પરની શિલ્પ પટ્ટીકામાં નૃત્ય કરતા યુગલો અને એકાંકી સ્ત્રી પુરુષોની લઘુ પ્રતિમાઓ કલાત્મક રીતે કંડારવામાં આવી છે.

**7. સપ્તર્ષિ કુંડના શિલ્પો**

અર્જુનબારી દરવાજા બહાર નાગધરા પાસે સપ્તર્ષિ કુંડ છે. ત્યાં જુદા જુદા સમયના શિલ્પો આવેલા છે. જેમાં કાર્તિકેય, લલિતાસન પર બિરાજેલ વિષ્ણુ તેમજ એક દ્વિભુજ જેવી પ્રતિમા વગેરેનો સમાવેશ થાય છે. તે દ્વિભુજ દેવી પ્રતિમા ખંડિત છે. આ ઉપરાંત તેમાં ઉમા-મહેશની એક લાવણ્યમય પ્રતિમા પણ જડેલી જોવા મળે છે. તેનું મુખારવિંદ અને બધા અંગો લગભગ ઘસાઈ ગયા છે.

**8. નદીઓળ દરવાજાના શિલ્પ**

નદીઓળ દરવાજાની બહાર હાટકેશ્વર મંદિરના પ્રવેશદ્વારની બહારના ભાગમાં કેટલાક શિલ્પો આવેલા છે.

**8.1. કીર્તિમુખ**

ભારતીય કલામાં કીર્તિમુખનું રૂપાંકન પ્રાચીન છે. બહાર નીકળેલી વિકરાળ કીકીવાળી આંખો ઉપર વાંકા વળતા શિંગડા બતાવેલા છે. શિંગડાઓની મધ્યે પાન ઘાટનું નાક તથા દંતશૂળયુક્ત પહોળું જડબુ નોંધપાત્ર છે. બાકીના ભાગમાં અલંકરણયુક્ત પાંદડા જેવા સ્વરૂપો સુશોભનમાં વધારો કરે છે. કીર્તિમુખના નીચેના જડબાનો ભાગ ખંડિત છે. આ શિલ્પ ઈસુના નવમા સૈકાના અંત ભાગનું છે.

**8.2. ખડાનનું શિલ્પ**

વિરાસને બેઠેલા આ શિલ્પના જમણો હાથ તૂટેલો છે. જમણા નીચેના હાથમાં વરદમુદ્રા છે. ઉપરના ડાબા હાથે ખેટક છે. ગળામાં રત્નહાર, ઉદરબંધ અને યજ્ઞોપવિત તેમજ ત્રણ મસ્તક પરનો કલાત્મક મુકુટ છે. વાહન મયૂર નથી. આ શિલ્પ લકુલીશ હોવાની સંભાવના છે.

આ ઉપરાંત યુદ્ધના મેદાનની કુંભકર્ણના ભયંકર સ્વરૂપની તથા મહાભારતના ગીતા ઉપદેશની રથારૂઢ કૃષ્ણ અવતારની શિલ્પ પટ્ટીકા ત્યાં પડેલી છે.

**9. વિષ્ણુપુરીના શિલ્પો**

નદીઓળ દરવાજા બહાર વિષ્ણુપુરી નામના સ્થળે કિનારાની દિવાલ પર તાડકા રાક્ષસી સાથે યુદ્ધ કરતા રામાયણના પ્રસંગવાળી શિલ્પ પટ્ટીકા છે. તેમાં વિષ્ણુ, સૂર્ય અને બ્રહ્માના શિલ્પો પણ છે.

**10. ગૌરી કુંડના શિલ્પો**

ગૌરીકુંડના મુખ્યત્વે ચારેય દિશામાં અલગ અલગ પ્રતિમાઓવાળા શિલ્પો જોવા મળે છે. જેમાં ઉત્તર દિશા બાજુ વિષ્ણુ, અપ્સરાનું શિલ્પ, જટાધારી શિવ ગજારોહણનું શિલ્પ, ચતુર્ભુજ દેવી વગેરે તથા દક્ષિણ દિશાએ કુર્માવતાર, ભૈરવ, લલિતાસનમાં બેઠેલા શિવ તથા લલિતાસનમાં બેઠેલ દેવીનું શિલ્પ, ત્રિમુખ મૂર્તિ, નૃસિંહ અવતાર, મત્સ્યાઅવતાર, રામાવતાર, બલરામ, લકુલીશ, કલ્કી કે અશ્વરોહી રાજપુરુષ, હનુમાન વગેરેની શિલ્પપ્રતિમાઓ જોવા મળે છે.

આ ઉપરાંત પૂર્વ બાજુએ લક્ષ્મીનારાયણનું યુગલ શિલ્પ, લલિતાસનમાં બેઠેલ યુગલ શિલ્પ, નવગ્રહ પટ્ટ, સૂર્યાણી, ચતુર્ભુજ દેવીનું શિલ્પ, દિક્પાલ કુબેરનું શિલ્પ વગેરે તથા પશ્ચિમ બાજુએ બ્રહ્મા લક્ષ્મીનારાયણ, બે પુરુષ આકૃતિઓ, શિવ, પુરુષોત્તમ, અષ્ટઋષિ મંડળ તથા લક્ષ્મીનારાયણનું શિલ્પ, શેષશાયી વિષ્ણુ વગેરે શિલ્પ પ્રતિમાઓ જોવા મળે છે.

**ઉપસંહાર**

આમ, ઉપરોક્ત જણાવ્યા અનુસાર પ્રાચીનતાની દૃષ્ટિએ વડનગરનું ઘણું મૂલ્ય હતું. જેમાં ખોદકામ દરમિયાન અનેક એવા સિક્કાઓ પણ મળી આવે છે. જેમાં વડનગરના શિલ્પો શિલ્પકલાના ક્ષેત્રે ખૂબ જ અગત્યનું સ્થાન ધરાવે છે.વડનગરના તોરણો, શર્મિષ્ઠા તળાવ, હાટકેશ્વર મંદિર વગેરે

જેવા અનેક ઐતિહાસિક જોવાલાયક સ્થળો છે. આ બધા વડનગરના ઐતિહાસિક સ્મારકોની જાળવણી કરીને તેની માહિતી લોકો સુધી પહોંચાડવી જોઈએ. જેથી લોકો પણ આ માહિતીથી વાકેફ થાય અને આ ભૌતિક વારસો ઉજાગર બની રહે. આ રીતે ગુજરાતના ભવ્ય વારસાને ઉજાગર કરતું નગર એટલે વડનગર.

**સંદર્ભગ્રંથ સૂચિ**


- પરીખ રસિકલાલ, શાસ્ત્રી હરિપ્રસાદ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ભાગ-૩ (મૈત્રક અને અનુમૈત્રકકાળ) ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ, પ્ર.આ.૧૯૭૭
- મહેતા રમણલાલ, વડનગરની શિલ્પસમૃદ્ધિ, આચાર્ય શ્રી વિજય વલ્લભસૂચિ સ્મારક ગ્રંથ.
- ભાવસાર રતિલાલ, વડનગરની ઐતિહાસિક રૂપરેખા, પ્ર.ઋષિકેશ ભાવસાર, મુંબઈ, પ્ર.આ.૨૦૦૫
- હજારનીસ રવિ, વડનગર જેસીસ સોવેનિયર, વડનગરના કેટલાક શિલ્પો, પ્ર.આ.૧૯૮૩
- સ્વાધ્યાય અંક-૧ થી ૪, ૧૯૭૯, વડનગરની બે જૈન પક્ષી પ્રતિમાઓ
- સ્વાધ્યાય અંક-૩ , મે-૧૯૬૮, વડનગરના સ્થળનામો
- બુદ્ધિપ્રકાશ અંક-૫, ૧૯૪૯, વડનગર અને તેના અવશેષો
- અખંડ આનંદ, અંક-૯, ૧૯૫૬, વડનગર એક ઐતિહાસિક પરિચય